# અગરિયા હિતરક્ષક મંચ

## અહેવાલ










**અગરિયા હિતરક્ષક મંચ**

બી -૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક ચાર રસ્તા,

અમદાવાદ – ૩૮૦૦૫૧ (ગુજરાત)

ahrmgujarat@gmail.com; www.saltpanworker.blogspot.com

**પ્રસ્તાવના:**

જનપથ અને અગરિયા હિતરક્ષક મંચ છેલ્લા દોઢ દાયકા ઉપરાંત સમયથી અગરિયા સમુદાયના સશક્તિકરણ અને વિકાસના કામો સાથે જોડાયેલ છે. વર્કિંગ ગ્રુપ (કાર્યકારી જૂથ) ના સ્વરૂપમાં જનપથમાં શરુ થયેલા પ્રયાસો આજે અગરિયા હિતરક્ષક મંચ તરીકે એક સ્વતંત્ર ઓળખ ધરાવે છે.

કચ્છના નાનારણમાં ૮થી ૧૦ હજાર જેટલા અગરિયા પરિવારો સ્થળાંતર કરી આઠ મહિના માટે આવે છે. અહીંજ છાપરું બનાવી વસવાટ કરી મીઠું પકવે છે. આ સમુદાયનું કારમું શોષણ થાય છે, ઉપરાંત સરકારના વિવિધ કાર્યક્રમોમાંથી સ્થળાંતરિત જગ્યાએ હોવાના કારણે આપોઆપ બહાર રહી જાય છે. આ પરિસ્થિતિ તેમનું જીવન દુષ્કર બનાવે છે.

અગરિયા હિતરક્ષક મંચ તરીકે અમે અગરિયાઓને માહિતગાર, જાગૃત અને સશક્ત કરવાના પ્રયત્નો કરીએ છીએ. પરિણામે આજે લગભગ ૧૫૦ ઉપરાંત અગરિયા આગેવાન સરકારની સેવાઓના આયોજન અને નિગરાણીના કામમાં જોડાયેલા છે. હાલમાં મંચ તરફથી નીચે મુજબના પ્રયાસો/કાર્યકમો થાય છે.

<u>**રણશાળા કાર્યકમ:**</u>



રણમાં આઠ માસ સુધી હજારો પરિવારો સ્થળાંતર કરી આવે છે, આ ગાળા દરમ્યાન તેમના બાળકોનું શિક્ષણ છૂટી ન જાય તે હેતુથી રણ શાળા કાર્યક્રમ અમલમાં છે. આખા રણમાં 26 રણશાળાઓ ચાલે છે, તેમાં 1000 જેટલા બાળકો ભણે છે. મંચ ના ઘણા પ્રયત્નો બાદ હવે આ નિશાળોને સર્વ શિક્ષા અભિયાને અપનાવી લીધી છે. તેમ છતાં નિશાળ માટે તંબુ, શૈક્ષણિક સાહિત્ય, રમવા માટેના સાધનો વગેરે મંચ દાતાઓના સહયોગથી પૂરાં પાડે છે. આ વર્ષે શિક્ષણના પ્રશ્ને અમને મોટી સફળતા મળી. શિક્ષણ વિભાગે રણની અંદર ચાલતી હંગામી નિશાળોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી. ફરજીયાત પ્રાથમિક શિક્ષણ ધારાની જોગવાઈ અનુસાર કામના સ્થળે નિશાળ, અને મધ્યાન ભોજન, તાલીમ પામેલા શિક્ષક અંગે સરકારે વિચારવું પડ્યું. અત્યાર સુધી રણ શાળાઓમાં બાળદોસ્ત (સમુદાયના શિક્ષક) ભણાવતા. આ વર્ષે મુખ્ય પ્રવાહની નિશાળની જેમ અહીં સરકારી શિક્ષકો ભણાવવા માટે આવે છે.

અત્યારસુધી રણ શાળા તંબુમાં ચાલતી હતી. ઘણાં વર્ષોથી સરકારના સર્વશિક્ષા અભિયાન વિભાગ, કે જેમને આ કામ સોંપ્યું હતું તેમની પાસે બજેટ ન હોવાથી અગરિયા હિતરક્ષક મંચ અને જનપથ સતત ટેકો કરતા રહ્યા છે. આ વર્ષે આપણે મંત્રીશ્રીને કરેલી રજૂઆતના પરિણામે એસ.ટી વિભાગ

તરફથી જૂની બસોને મોડીફાય કરીને તે સ્માર્ટ-ક્લાસ તરીકે સજ્જ કરી રણમાં રણશાળાની જગ્યાએ આઠ મહિના માટે મુકવાનો નિર્ણય લેવાયો. એક બસ તૈયાર થઇ ગઈ અને બીજી ૩૨  બસ હવે તૈયાર થઈ વિસ્તારોમાં પહોચવા લાગી છે.



રણ માટે અલાયદા મધ્યાન ભોજન સંચાલકની નિમણૂંક અંગેની આખી પ્રક્રિયા કરવા માટે મંજુરી મળી. જેથી  બાળકોને રણમાં દરરોજ તાજું ઘર જેવું જમવા મળે. અત્યારે તમામ રણશાળાઓમાં બાળકોને બપોરે ગરમ તાજું બનાવેલું જમવાનું મળે છે. આ એક ખૂબ આથી મોટી સફળતા છે. મધ્યાહ્ન ભોજન શરુ થવાથી રણશાળામાં બાળકોની સંખ્યા વધી છે. બાળકો નિયમિત આવે છે.



આ રણશાળાઓમાં અગરિયા હિતરક્ષક મંચ તરીકે ડિજિટલ લર્નિંગ" નો પ્રયોગ શરૂ કર્યો છે. અમારા કાર્યકરો ટેબલેટ દ્વારા બાળકોનું ભણવાનું મજાનું અને ભાર વિનાનું લાગે તે માટે જુદાજુદા અભ્યાસક્રમો મુજબના વિડીયો કાર્યક્રમો GCERT ના શૈક્ષણિક કાર્યક્રમો, અને સોફવેર દ્વારા જુદાજુદા વિષયો સાથે તેમનો નવી ટેકનોલોજી દ્વારા પરિચય કરાવે છે.  આ માટે એક ખાસ વાન સાથે ત્રણ કાર્યકરો નિયમિત રીતે રણ-શાળાની મુલાકાત લે છે. ડિજિટલ લર્નિંગના કારણે બાળકોની હાજરી અને નિયમિતતા વધી છે.

## <u>હોસ્ટેલ સુવિધા</u>

મંચ તરફથી વારંવાર રજૂઆત કરવામાં આવતા સરકારે કુલ ૭ હોસ્ટેલો મંજૂર કરી છે. તેમાંથી ૪ શરૂ થઈ ગઈ છે. અગરિયાના પાંચ ધોરણ ઉપરના બાળકો રણમાં સ્થળાંતર કરવાના બદલે હોસ્ટેલમાં રહી તેમની ગામની નિશાળમાં જવાનું શરૂ રાખે અને તેમને ગુણવત્તા સભર શિક્ષણ મળે તે હવે શક્ય બન્યું છે. સાંતલપુર તાલુકામાં 2 અને ખારાગોઢા, અને હળવદ તાલુકામાં 2 આમ ચાર હોસ્ટેલ હાલમાં કાર્યરત છે.

તેની સાથેસાથે મંચની રજૂઆતથી રણની કાંધીએ આવેલી લગભગ 30 જેટલી નિશાળો પૈકીની દસેક શાળાઓને મંચની રજૂઆત અને મદદથી લાયબ્રરી, પ્રયોગશાળા, કમ્પ્યુટર-લેબ વગેરે માટે ટેકો રાજ્ય સરકારની એમ્પ્વાવર્ડ કમિટી ફંડમાથી મળ્યો છે. આ શાળાઓમાં મોટાભાગના વિદ્યાર્થીઓ અગરિયા પરિવારોમાંથી આવે છે.

## <u>સોલર વોટર પંપ યોજના</u>

બીજી મોટી સફળતા "સોલર વોટરપંપ  યોજના" બનાવવામાં મળી. ઘણા વખતથી વિકાસ સંસ્થાના સહયોગથી રણમાં સોલાર વોટરપંપના પ્રયોગો ચાલે છે. લગભગ પાંચ વર્ષની મેહનત બાદ રણમાં ચાલે અને અગરિયાઓની જરૂરિયાત મુજબ રોજનું એક- લાખ લીટર પાણી કાઢે તેવો પંપ બનાવ્યો છે. શરૂઆતમાં મિત્રો, સાથીઓમાંથી પૈસા ભેગા કરીને અગરિયાઓને લોનથી સોલાર પંપ આપ્યા. લોકોએ ધીમેધીમે કરીને પૈસા પાછા ચૂકવ્યા. આ અનુભવોની વાત અવરનવાર એમ્પાવર્ડ કમિટીમાં કરી અને સરકાર પાસેથી આવી યોજનાની માંગ કરી. છેવટે ગયા વર્ષે ૩૦૦ કરોડના બજેટ સાથેની "સોલર વોટર-પમ્પીંગ સીસ્ટમ' યોજના બની. તેમાં ૮૦% સબસીડી રાજ્ય અને કેન્દ્ર સરકાર આપે છે અને માત્ર ૨૦% અગરિયાએ જાતે કાઢવાના થાય છે.



હાલમાં આ યોજના અંતર્ગત ૪૦૦ ઉપરાંત અગરિયાઓને સોલર પમ્પીંગ સીસ્ટમ લીધા છે. અગરિયા હિતરક્ષક મંચના ટીમ મેમ્બર, અને આગેવાનો આ તમામ પ્રક્રિયામાં નિર્ણય કરનાર સમિતિનો હિસ્સો છે. દા. ત. સોલાર પમ્પીંગ સીસ્ટમ  પાટા પર કાર્યરત છે કે કેમ તે નક્કી કરેલ સ્પેસીફીકેશન મુજબની છે કે નહિ, વગેરે ચકાસવાની સમિતિમાં અગરિયા આગેવાન અને ટીમ મેમ્બર સભ્ય તરીકે છે, જેથી કોઈ મુશ્કેલીઓ નડે તો તરત નિરાકરણ  લાવી શકાય. ૨૦% રકમ પણ ઘણી વધુ લાગે એટલે તે માટે SBI અને અન્ય બેંકોમાંથી લોનની સગવડ પણ કરી દીધી છે.

સોલાર પંપ મળવાથી અગરિયાના વર્ષે ૬૦ થી ૭૦ હજાર રૂપિયા ડીઝલ ખર્ચમાં બચે છે. માર્ચ મહિનામાં  વ્યાપારી મીઠું લઇ જાય ત્યાર બાદ થોડું વધારાનું મીઠું પકવી લે છે. અગાઉ આવું કરવા માટે વ્યાપારી ડીઝલની રકમ આપતા ન હતા. આ વધારાનું મીઠું સંપૂર્ણપણે પોતાનું હોવાથી તે પૈસા તેમના નફા તરીકે જોઈ શકાય. સોલાર પંપ ચાલુ કર્યા બાદ ત્યાં કોઈએ હાજર રહેવું પડતું નથી, જ્યારે ડીઝલ પંપમાં રોકાવું પડતું હતું, નહિ તો ઘણી વાર પંપ બળી જાય. હવે સવારે દંતાળાનું કામ પતાવી અગરિયા પરિવાર તેમના સામાજિક પ્રસંગમાં જઈ શકે છે. આવનારા દિવસોમાં કદાચ કેટલાક વિસ્તારોમાં આઠ મહિના વસવાટ કરવાની પદ્ધતિમાં પણ ફેરફાર આવે તેવી શક્યતા છે. ઓટોમેટીક સુર્યકીરણો તરફ ફરતી સોલાર પેનલ હોય તો અગરિયાઓ દરરોજ જઈ અને દંતાળો કરીને પાછા ઘેર આવી શકે. રણની ગરમી, ઠંડીથી બચી શકે. અને બાળકોનું ભણતર પણ બગડે નહિ. આ યોજના અગરિયાના આર્થિક અને સામાજિક વિકાસમાં ખુબ મહત્વની ભૂમિકા ભજાવશે. વિકાસ અને અગરિયા હિતરક્ષક મંચની ભૂમિકા અગરિયાઓ સુધી સોલાર ટેકનોલોજી વિશે સાચી માહિતી

પહોંચાડવાની, અને સોલર ટેકનોલોજી માટે તેમને તૈયાર કરવાની પણ રહી છે.

**<u>કલ્યાણકારી યોજનાઓ સુધી અગરિયાઓની પહોંચ વધારવી</u>**

અગરિયા પરિવારોને જુદી જુદી યોજનાઓ સાથે જોડાવાનું કામ અમે સતત કરતા રહીએ છીએ. સાધન સહાય યોજના, પેન્શન યોજનાઓ, આરોગ્ય વીમા યોજના વગેરે સાથે અગરિયા પરિવારોને જોડાવા માટે યોજનાની માહિતી પહોચાડવી, તેનું ફોર્મ ક્યાંથી લાવવું, ફોર્મ મળેથી તેની સાથે જરૂરી દસ્તાવેજો જોડી રજુ કરવું વગેરે. આ માટે મંચ તરફથી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે તે માટે વિવિધ કેમ્પ, મેળાવડા, સંમેલનનું આયોજન થાય છે. જે તે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓને રણમાં લઇ જઈ લોકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આમ કરવાથી એક ફાયદો એ થયો કે અધિકારીઓ અગરિયાઓની હકીકતથી વાકેફ થયા. અને ઘણા સંવેદનશીલ બન્યા. અગરિયા બહુહેતુક કેન્દ્ર પર આ યોજનાઓની અરજીઓ માટે કેમ્પ થાય છે, અને તમામ લોકોને આવરી લેવાય તે રીતનું આયોજન ફિલ્ડ ના ફેલો કાર્યકર્તાઓએ ગોઠવ્યું છે. મા-અમૃતમ કાર્ડ સાથે આ સીઝન દરમ્યાન ૪૦૦૦ ઉપરાંત પરિવારોને સાંકળવામાં આવ્યા. બીજી ઘણી નાની-નાની યોજનાઓમાં થયેલી કામગીરી જોઈએ તો ૬૫૦૦ ઉપરાંત પરિવારોને તેમનો હક્ક મળ્યો.



**<u>આજીવિકા ને મજબૂત બનાવવાના યુવા રોજગારી કાર્યક્રમો:</u>**



મંચ તરીકે આપણે એક બાજુ અગરિયાઓને રણમાં પાણી, આરોગ્ય શિક્ષણ જેવી સેવાઓ મળે તેમ માટે પ્રયત્નશીલ છીએ, જ્યારે બીજી બાજુ અગરિયા યુવક-યુવતીઓને અન્ય રોજગારીની તકો મળે તે માટે તાલીમ અને રોજગારી કાર્યક્રમો પણ યોજીએ છીએ, જેથી આવનારી પેઢી માત્ર મીઠાની ખેતી પર જ નિર્ભર ન રહે.

આ માટે પાટડી, સાંતલપુર અને માળીયા મુકામે બહુહેતુક કેન્દ્ર ઉભાં કરવામાં આવ્યા છે. રણમાં સેવા આપનાર વિવિધ વિભાગના સંકલનમાં

મિટિંગો અને તાલીમો પણ અહીં કરવામાં આવે છે. તેની સાથે-સાથે ઓફ-સીજન દરમ્યાન અગરિયાઓ આગેવાનોની તાલીમો, યુવા લોકો માટેની શિબિરો પણ અહીં થાય છે.

**આવનારા દિવસોની જરૂરિયાત:-**

- બહુહેતુક કેન્દ્ર પર યુવાનો માટે લાયબ્રરી ઊભી કરવી અને તેમના માટે કરિયર માર્ગદર્શન શિબિરો યોજવા.
- રણશાળાના તમામ બાળકોને શૈક્ષણિક પ્રવાસમાં લઈ જવા જેથી કરીને તેઓ બહારની દુનિયા જુવે અને શિખે.
- શિક્ષણ કાર્યક્રમની જેમ મહિલાઓ અને બાળકોમાં કુપોષણ દૂર કરવા એક કાર્યક્રમ હાથ ધરવો, તેમાટે જાગૃતિ સહિતના કાર્યક્રમો હાથ ધરવા, સરકારના આજના કાર્યક્રમોમાં પૂરક ટેકો આપી અગરિયા સમુદાયમાં બેનો અને બાળકોમાં દેખાતા કૃપોષણને દૂર કરવા વિવિધ પ્રવૃત્તિ યોજવી. રણમાં આરોગ્ય કાર્યકર નિમવા, તાલીમ, જાગૃતિ માટેનું સાહિત્ય, દવા, આંગણવાડી સુવિધા સાથે જોડાણ મુખ્ય બાબત હશે.

સંસ્થાગત તેમજ વ્યક્તિગત દાતાઓના સહયોગથી અગરિયા હિતરક્ષક મંચ, અગરિયા સમુદાયના વિકાસ માટે કામ કરી શકે છે. અગર-વિસ્તારનાં કામો અને કાર્યક્રમો ઉદ્યોગ-કમિશ્નરશ્રીની કચેરી અને સ્ટેટ એમ્પાવર્ડ કમિટીના સહયોગ અને સંવેદનશીલ અભિગમથી શક્ય બને છે. આ કામમાં ભરતભાઇ સોમરા, ઘનશ્યામભાઈ ઝુલા, મરુતભાઇ બારિયા, ધ્વનિતભાઈ પંડ્યા, પ્રવીણભાઈ પરમાર, આનંદભાઈ સોલંકી જેવા સમર્પિત કાર્યકરો દિવસ રાત જોયા વગર કામ કરી રહી રહ્યા છે. કડકડતી ઠંડી હોય કે 50 ડિગ્રી ગરમી, આ કાર્યકરો થાક્યાવગર આ કામમાં સતત લાગેલા રહે છે.
રણમાં ધૂળની ડમરીઓ ઊડે, ક્યારેક વચ્ચે કમોસમી વરસાદ થાય, નર્મદાનું પાણી છોડવામાં આવે અગર ધોવાઈ જાય, આવા અનેક પડકારો હોવા વચ્ચે, અગરિયા સમુદાય અને કાર્યકરોની ઉત્સાહ, ધગશ અમને આગળ વધવા પ્રેરણા આપે છે.

----------------------------

